Education Quality and Accountability Office
EQAO

Office de la qualité et de la responsabilité en éducation
OQRE

# માતાપિતા માટે સવાલો અને જવાબો

OSSLT

## 1. OSSLT માટે કઈ બાબતોનું પરીક્ષણ થાય છે?

*ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ) (The Ontario Curriculum)* અનુસાર OSSLT વિદ્યાર્થીઓની શિક્ષાની કુશળતાઓનું મુલ્યાંકન કરે છે જેમાં ગ્રેડ 9ના અંત સુધીમાં બધા વિષયો વિદ્યાર્થીઓ શીખે એવી અપેક્ષા રખાય છે.

## 2. OSSLT મારું બાળક જે ક્લાસમાં બીજી પરીક્ષાઓ આપી રહ્યું છે, તેનાથી કઈ રીતે જુદી રહે છે?

EQAO પરીક્ષાઓ અને ક્લાસરૂમ પરીક્ષાઓના જુદાજુદા લક્ષ્યો હોય છે અને જુદીજુદી માહિતી આપે છે.

**ક્લાસરૂમ પરીક્ષાઓ**

- વિદ્યાર્થીઓએ નિશ્ચિત માહિતી કેટલી સારી રીતે શીખી લીધી છે અને સ્કૂલના કોઈ એક ખાસ વર્ષ દરમ્યાન શું સ્થાન મેળવ્યું છે, તેને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણ વિષે તરત માહિતી આપે છે, જેથી શિક્ષકો શિક્ષણની પદ્ધતિઓ (અભ્યાસક્રમ), જે પોતાના ક્લાસમાં અનુસરી રહ્યા હોય છે, તેમાં ફેરફાર લાવી શકે છે;
- શિક્ષકો દ્વારા સ્વતંત્ર રીતે વિકસાવવમાં, વહીવટ કરવામાં અને તેના ગુણોની નોંધ કરવામાં આવે છે અને તેમના વ્યક્તિગત ગ્રેડિંગના વિભાગો હોઈ શકે છે, જેનો આધાર પ્રત્યેક વિદ્યાર્થી માટે શિક્ષકની જાણકારી પર રહે છે અને
- પરિણામો આપે છે જેની સ્કૂલ, બોર્ડ અથવા પ્રાન્ત સાથે સરખામણી કરી શકાય તેમ હોતી નથી.

**EQAO આકારણીઓ**

- વિદ્યાર્થીઓના શિક્ષણના મુખ્ય તબક્કાઓના કે, જેનો સંબંધ પ્રાન્તીય માપદંડો સાથે હોય છે તે, તેના ઉત્તરોત્તર વધતા જ્ઞાન અને કુશળતાઓને ચકાસે છે;
- વિદ્યાર્થીના શિક્ષણની વાર્ષિક માહિતી આપે છે જેનો ઉપયોગ શિક્ષકો, સ્કૂલો, સ્કૂલ બોર્ડ અને પ્રાન્ત કરી શકે છે, જેથી સુધારાઓ માટે વિકાસ અને યોજનાનું ધ્યાન રાખી શકાય;
- ઑન્ટારિયોના શિક્ષક દ્વારા વિકાસ અને સંચાલન માટે કરવામાં આવે છે;
- ઑન્ટારિયો શિક્ષકો અને બીજી લાયકાત ધરાવતી વ્યક્તિઓ, જેમણે ખાસ તાલીમ મેળવી છે, તેમના દ્વારા સુસંગત અને વાસ્તવિક રીતથી ગુણાંકન મેળવે છે અને
- પરિણામો આપે છે જેમની સરખામણી સ્કૂલ, બોર્ડ અને પ્રાન્તમાં વાર્ષિક રીતે થઈ શકે છે.

## 3. શું બધા વિદ્યાર્થીઓએ OSSLT લખવાની જરૂરિયાત હોય છે?

પ્રાંતીય પરીક્ષાઓ, ઑન્ટારિયોના સાર્વજનિક શૈક્ષણિક કાર્યક્રમનો ભાગ હોય છે, જેની રૂપરેખા *શિક્ષણ ગુણવત્તા અને જવાબદારી ઑફિસ એક્ટ (The Education Quality and Accountability Office Act)* માં આપી છે. બધા વિદ્યાર્થીઓ જેઓ ઑન્ટારિયો સેકંડરિ સ્કૂલ ડિપ્લોમા (Ontario Secondary School Diploma – OSSD) માટે ભણી રહ્યા હોય છે તેમણે OSSLT લેવી જ પડે છે. OSSLT એક ન્યૂનતમ-યોગ્યતા માપતી પરીક્ષા હોય છે. OSSLTમાં સફળતાની સમાપ્તિ એક પ્રારંભિક માર્ગ છે, જે OSSDની શિક્ષિત હોવાની જરૂરતને સંતોષકારક રીતે પૂરી કરે છે.

## 4. ખાસ શૈક્ષણિક જરૂરતો ધરાવતા વિદ્યાર્થીઓ OSSLT પર કયા પ્રકારનો આધાર મેળવે છે?

વિદ્યાર્થીઓ જેમને ખાસ શૈક્ષણિક જરૂરતો હોય છે અને વ્યક્તિગત શિક્ષણ યોજના (Individual Education Plan – IEP) પર હોય છે તેમને OSSLT માટે કેટલીક છૂટની પરવાનગી હોય છે, જે તેમના ક્લાસરૂમ આકારણીઓની નિયમિત પદ્ધતિ સાથે સુસંગત હોય છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ, મુલતવી અને છૂટ માટે ગાઈડ (Guide for Accommodations, Special Provisions, Deferrals and Exemptions)* જોઈ શકો છો.

## 5. OSSLT પર અંગ્રેજી ભાષા શીખનારાઓને કેવી રીતે આધાર મળે છે?

અંગ્રેજી ભાષા શીખનારાઓને OSSLT માટે કેટલાક વિશિષ્ટ જોગવાઈઓની પરવાનગી મળે છે, જે તેમની ક્લાસરૂમની આકારણીઓની નિયમિત રીત સાથે સુસંગત રહે છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ, મુલતવી અને છૂટ માટે ગાઈડ* જોઈ શકો છો.

## 6. શું છૂટછાટો અથવા મુલતવી પરવાનગી મળે છે?

જે વિદ્યાર્થીઓ ઑન્ટારિયો સેકંડરિ સ્કૂલ ડિપ્લોમા માટે ભણી રહ્યા હોય છે તેમને OSSLT લખવામાંથી છૂટ મળી શકશે નહીં. OSSLT ન્યૂનતમ યોગ્યતાની પરીક્ષા હોય છે અને આ એક પ્રાથમિક રીત છે જે ગ્રેજ્યુએશન માટે જરૂરિયાતના શિક્ષણને પૂરી કરે છે. વધારે માહિતી માટે તમે EQAOની *સગવડ, ખાસ જોગવાઈઓ, મુલતવી અને છૂટ માટે ગાઈડ* જોઈ શકો છો.

કેટલાક કેસમાં, જે વિદ્યાર્થીઓએ વાંચન અને લેખનની કુશળતાઓ જે ગ્રેડ 9 માટે યોગ્ય હોય છે, તેને પ્રાપ્ત કરી ન હોય તેઓ OSSLT ને આગળ આવતા વર્ષ સુધી મુલતવી રાખી શકે છે.

## 7. OSSLTનું સંચાલન ક્યારે થાય છે?

પ્રત્યેક વર્ષે, પૂરા ઑન્ટારિયોમાં બધા વિદ્યાર્થીઓ એક જ તારીખ પર જે સામાન્યતઃ માર્ચની અંતે અથવા એપ્રિલની શરૂઆતમાં હોય છે ત્યારે OSSLT લખે છે. અમારી વેબ સાઈટ પર આગળ આવતી આકારણીની તારીખોની યાદી ઉપલબ્ધ હોય છે.

## 8. OSSLTનું સંચાલન કેવી રીતે થાય છે?

ઑન્ટારિયો કેળવણીકારો (શિક્ષિત) પૂરા પ્રાન્તમાં OSSLTનું લગાતાર સંચાલન કરતા હોય છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાની બે પુસ્તિકાઓ લખવાની હોય છે અને પ્રત્યેક પુસ્તિકા લખવા માટે 75 મિનિટ આપવામાં આવે છે. અમારી વેબસાઈટ પર પરીક્ષાની પુસ્તિકાઓના નમૂના ઉપલબ્ધ છે.

EQAO અનેક પ્રકારની વાર્ષિક યોજનાની મધ્યમાં છે, જે પ્રાન્તીય આકારણી કાર્યક્રમ ઑનલાઇન પર લાવશે.

## 9. OSSLTના દિવસે જો મારું બાળક ગેરહાજર રહે તો શું થશે?

જે તમારૂં બાળક, જે દિવસે OSSLTનું સંચાલન થઈ રહ્યું હોય ત્યારે ગેરહાજર હોય તો, તે પરીક્ષામાં ભાગ લઈ શકશે નહીં. આનો અર્થ થાય છે કે, તમારું બાળક નિશ્ચિત સ્કૂલના વર્ષ માટે ગ્રેજ્યુએશન શિક્ષણની જરૂરત પૂરી કરવાની તક ગુમાવી દેશે. બીજી વાર જ્યારે OSSLTનું સંચાલન થશે ત્યારે તેણે OSSLT આપવી પડશે, જે સ્કૂલના આગળના વર્ષમાં રહેશે.

જે વિદ્યાર્થીઓની OSSLTમાં ભાગ લેવા માટે અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ ભાગ લેતા નથી તેમનો પણ પરિણામોના જાહેર રિપોર્ટમાં સમાવેશ થશે. પ્રત્યેક વિદ્યાર્થી માટે જાહેર ભંડોળથી ચાલતી શૈક્ષણિક પદ્ધતિ જવાબદાર રહે છે, EQAO પ્રત્યેક વિદ્યાર્થી માટે રિપોર્ટ કરે છે. વિદ્યાર્થી OSSLT લખવા અપેક્ષિત હોય પણ લખી ન શકેતો EQAO રિપોર્ટમાં તે ગેરહાજર માનવામાં આવશે અને રિપોર્ટમાં કોઈ ડેટા આવશે નહીં.

## 10. આકારણી માટે મારા બાળકે કેવી રીતે તૈયારી કરવી જોઈએ?

OSSLT 100% *ઑન્ટારિયો કરિક્યુલમ (અભ્યાસક્રમ)* પર આધારિત હોય છે, તેથી કોઈ વિશિષ્ટ તૈયારીની જરૂરત હોતી નથી. પરીક્ષાની રૂપરેખા (ફૉરમેટ) અને સવાલો જે પૂછવામાં આવશે તેના પ્રકારો સાથે પરિચિત થવા, તમે આકારણીના નમૂનાઓની પુસ્તિકાઓ પર જોઈ શકો છો.

## 11. EQAO આકારણીઓનાં ગુણાંક કેવી રીતે આપવામાં આવે છે?

બધા EQAO આકારણીઓ પર, બહુવિધ પસંદગીઓના પ્રત્યુત્તરોનું મશીન પર ગુણાંકન થાય છે. OSSLT પર ખુલ્લા-જવાબો આપવા માટેના સવાલોના પ્રત્યુત્તરો માટે ગુણાંક ઑન્ટારિયોના કેળવણીકારો અને બીજી લાયકાત ધરાવતી વ્યક્તિઓ આપે છે. આ લોકોને વિશિષ્ટ પ્રકારની તાલીમ મળી હોય છે અને તેમણે લાયકાત મેળવી આપતી પરીક્ષા પસાર કરી હોય છે. આ વિડિઓ, EQAO પરીક્ષાઓ કેવી રીતે બને છે, સંચાલિત અને ગુણાંકિત થાય છે (How EQAO Tests Are Created, Administered and Scored) વિષે વધારે માહિતી સમજાવે છે.

## 12. મારા બાળકનું પરિણામ મને ક્યારે મળશે?

મૂલ્યાંકન લખેલા દરેક વિદ્યાર્થીને એ જ શૈક્ષણિક વર્ષના જુનના આરંભ સુધીમાં પરિણામ મળી જશે. વધારે માહિતી માટે આ ISR નમૂના જુઓ.

આકારણી પછી ફૉલમાં, EQAOની બધા આકારણીઓના પ્રાન્તીય પરિણામોનો પણ રિપોર્ટ થશે. EQAOની વેબસાઈટ પર સ્કૂલ અને સ્કૂલ બોર્ડના પરિણામો પ્રકાશિત કરવામાં આવે છે.

## 13. EQAO પરિણામોનો રિપોર્ટ કેવી રીતે થાય છે?

OSSLT ન્યૂનતમ-યોગ્યતાની આકારણી હોય છે. સિદ્ધિપ્રાપ્તિ “સફળ” અથવા “અસફળ” રીતે રિપોર્ટ થાય છે.

જે વિદ્યાર્થીઓ સફળ થાય છે તેમણે ગ્રેડ 9ની અંતમાં અપેક્ષા રાખી શકાય તેવી શિક્ષાના ન્યૂનતમ સ્તરની જાણકારી દર્શાવી છે.

## 14. શું મારા બાળકના ગ્રેડમાં EQAO પરિણામોની ગણતરી થશે?

વિદ્યાર્થીઓના ગ્રેડમાં પરિણામોની ગણતરી થતી નથી, પરંતુ સફળતાપૂર્વક OSSLTની અથવા વૈકલ્પિક શિક્ષા કોર્સ (અભ્યાસક્રમ)ની સમાપ્તિ થવી, એ ગ્રેજ્યુએશન માટેની જરૂરત હોય છે.

## 15. શું પરિણામો કાયદેસરના અને વિશ્વાસપાત્ર હોય છે?

હા. EQAO પરીક્ષાની ક્રમિક વૃદ્ધિ, તપાસ અને ગુણવત્તાની ખાતરીની પદ્ધતિઓ દુનિયાની શ્રેષ્ઠ રહી છે અને એજન્સીના ડેટાની તેઓ માન્યતા અને વિશ્વસનીયતાની ખાતરી આપે છે. આકારણીના પ્રત્યેક તબક્કા પર EQAO પાસે વિશ્વાસપાત્રતાની તપાસ હોય છે—પરીક્ષાઓની વૃદ્ધિથી શિક્ષકો દ્વારા ગુણાંકો અપાવાની અને તે પછી પરિણામોના રિપોર્ટ સુધીની. EQAO તેના ડેટાની પ્રામાણિકતા માટે શ્રેષ્ઠ મહત્ત્વ આપે છે.

## 16. મારા બાળકના શિક્ષણના આધાર માટે તેના EQAO પરિણામોનો ઉપયોગ હું કઈ રીતે કરી શકું છું?

બાળકના અભ્યાસનું મૂલ્યાંકન કરવા માટે, એ મહત્ત્વનું હોય છે, કે તમે વ્યાપક શ્રેણીની માહિતીને ધ્યાનમાં લો. તમારા બાળકના રોજિંદા ક્લાસરૂમ કામ સાથે અને બીજી આકારણીની માહિતી સાથે EQAO પરિણામોની તપાસ થવી જોઈએ જેથી, તેના શિક્ષણને માપી શકાય અને નક્કી કરી શકાય કે, ક્યાં વધારે મદદની જરૂરત છે.

OSSLTમાં અસફળ રહેલા વિદ્યાર્થીઓના માતાપિતા અને શિક્ષક માટે ઘનિષ્ઠ અભ્યાસ માટે સાથે બેસીને કામ કરવાની ચર્ચા કરવી ખાસ મહત્ત્વની છે જેથી ખાઈ પૂરી શકાય અને શાળાંત પહેલા વિદ્યાર્થીની પરિણામપ્રાપ્તિ સુધારી શકાય.

## 17. મારા બાળકની સ્કૂલના પરિણામો મને શું બતાવે છે?

સ્કૂલના પરિણામો જણાવે છે કે, તમારી સ્કૂલના વિદ્યાર્થીઓ તમારી સ્કૂલ બોર્ડના અને પ્રાન્તના વિદ્યાર્થીઓની સરખામણીમાં કેવા રહ્યા છે. બીજા વિદ્યાર્થીઓની સિદ્દ્ધિપ્રાપ્તિની સરખામણીમાં તમારા બાળકની પ્રાપ્તિ કેવી રહી છે તેની જાણકારી માટે તમને મદદ કરશે અને વિદ્યાર્થીની પ્રાપ્તિના આધાર માટે તમને ચર્ચાવિચારણા માટે તૈયાર કરશે.

તમારા બાળકના શિક્ષક અથવા પ્રિંસિપાલ સાથે તમે EQAO પરિણામોના મહત્ત્વ વિષે વાત કરી શકો છો, જેથી તમારા બાળકના સ્કૂલના શિક્ષણના કાર્યક્રમો મજબૂત બને. સમગ્ર ઑન્ટારિયોની સ્કૂલો EQAO ડેટાનો ઉપયોગ કરે છે. બીજા ક્લાસરૂમ ડેટા, જેમ કે, રિપોર્ટ કાર્ડ ગ્રેડ, હાજરીનો દર, સંબંધિત માહિતીનો ઉપયોગ કરી તેમના સુધારાના કાર્યક્રમોનો વિકાસ કરે છે.

## 18. જો મારું બાળક OSSLT માટે નિષ્ફળ રહે તો શું થશે?

જે વિદ્યાર્થીઓ OSSLT માટે નિષ્ફળ રહે તો, ગ્રેજ્યુએશન માટે શિક્ષાની જરૂરતને તેમણે સંતોષી નથી. તો પણ વિદ્યાર્થીઓ એકથી વધારે વાર OSSLT લખી શકે છે. એક વાર જે વિદ્યાર્થીઓ OSSLT પર નિષ્ફળ રહ્યા હોય તેઓ ઑન્ટારિયો સેકંડરિ સ્કૂલ લિટરસિ કોર્સ (Ontario Secondary School Literacy Course – OSSLC) પ્રાપ્ત કરવા માટે યોગ્ય ગણાય છે, જેને કારણે ગ્રેજ્યુએશન શિક્ષાની જરૂરત પૂરી થઈ શકે છે.

OSSLTમાં અસફળ રહેલા વિદ્યર્થીઓના માતાપિતા અને શિક્ષક માટે ઘનિષ્ઠ અભ્યાસ માટે સાથે બેસી કામ કરવાની ચર્ચા કરવી ખાસ મહત્ત્વ છે જેથી ખાઈ પૂરી શકાય અને હાઈસ્કૂલ પૂરી થાય એ પહેલા વિદ્યાર્થીની પરિણામપ્રાપ્તિ સુધરી શકાય.

## 19. ઑન્ટારિયો માટે પ્રાન્તીય વિસ્તૃત આકારણીઓની જરૂરત શા માટે રહે છે?

EQAO પરિણામો ઑન્ટારિયોની શૈક્ષણિક પદ્ધતિની જવાબદારીની મુખ્ય રીત છે અને વિદ્યાર્થી, સ્કૂલ, સ્કૂલ બોર્ડ અને પ્રાન્તીય સ્તરોના સુધારાઓની યોજના માટેનું મહત્ત્વનું સાધન છે. સ્કૂલ પદ્ધતિ, જે સતત સુધારાઓ માટે ગંભીર રહે છે, તેમની વિદ્યાર્થી માટેની સિદ્દ્ધિપ્રાપ્તિના પુરાવાની વિસ્તૃત પદ્ધતિ હોવી જોઈએ, જે વાસ્તવિક અને વિશ્વાસપાત્ર હોય. આકારણીના પરિણામો તે ક્ષેત્રોને મહત્ત્વના જણાવે છે, જ્યાં વિદ્યાર્થીઓને વધારાની મદદની જરૂર હોય છે. કેળવણીકારો, સ્કૂલો, બોર્ડ અને પ્રાન્ત આ ડેટાનો ઉપયોગ કરી શિક્ષણ આપવાના અને શિક્ષણ શીખવાના કાર્યસાહસને ધ્યેય બનાવે છે.